હવામાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૭.0° સે. | ૧૮.0° સે. |
| બારડોલી | ૩૬.0° સે. | ૧૮.0° સે. |
| ભરૂચ | ૩૬.0° સે. | ૧૯.0° સે. |
| વ્યારા | ૩૬.0° સે. | ૧૮.0° સે. |

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી નગર કોળી સમાજમાં રંગોળી મહોત્સવ



બારડોલી: બારડોલી નગર કોળી સમાજ મંડળ દ્વારા ગત 31મી ઓક્ટોબરના રોજ યોજાયેલા રંગોળી મહોત્સવમાં સમાજના 36 કુટુંબોએ પોતાના ઘરઆંગણે અદભૂત રંગોળીઓ કરી હતી. સમાજના દરેક વિસ્તારમાંથી ચાર ટીમો બનાવી નિર્ણાયકોની નિમણૂક કરવામાં આવી હતી. નિર્ણાયકોએ દરેક રંગોળીને બારીકાઈથી તપાસીને શ્રેષ્ઠ કૃતિઓ પસંદ કરી હતી. આ કાર્યમાં હિરેનભાઈ, કિન્નરભાઈ, રોશનભાઈ, સંજયભાઈ, કલ્પેશભાઈ રાજુભાઈ, ઉર્વશીબેન ધર્મિષ્ઠાબેન, કોમલબેન, સેજલબેન, નેહાબેન, નિધીબેન અને જીનલબેન પટેલે સેવા આપી હતી. સમાજના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ અને અન્ય સદસ્યોએ સમાજના તમામ સભ્યોને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

### કામરેજ સુગર ફેક્ટરીની શેરડી પિલાણ સિઝનનો શુભારંભ


વિશાલ પટેલ

કામરેજ: કામરેજના નવીપારડી કામેરજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની 32 મી શેરડી પિલાણ સિઝન 2024-25 નો શુભારંભ કારતક સુદ પાંચમને બુધવારના રોજ સવારે 9.00 કલાકે સંસ્થાના ડિરેક્ટર હેમંત મંગુભાઈ પટેલના હસ્તે ધાર્મિક મંત્રોચ્ચાર સાથે શરૂ કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ, ઉપપ્રમુખ હેમંતકુમાર બાલુભાઈ પટેલ તથા સંચાલક મંડળના ડિરેક્ટરો, મેનેજીંગ ડિરેક્ટર, અધિકારીઓ તેમજ કામદાર-કર્મચારીગણની ઉપસ્થિતિમાં થતાં આનંદની લહેર પ્રસરી ગઈ હતી. આ વર્ષ દરમિયાન અંદાજીત 5.50 થી 6 લાખ મેટ્રીક ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક સાથે સીઝનનો પ્રારંભ કરાયો છે. સંસ્થાના પ્રમુખએ સૌનો આભાર વ્યકત કરી સંસ્થાની ઉત્તરોઉત્તર પ્રગતિ માટે સૌના સહકારની અપેક્ષા સાથે ધરતીપુત્રોની આ જીવાદોરીને પ્રગતિના પંથે લઈ જવા માટે સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

### વ્યારા ખાતે ડાયાબિટીસના દર્દીઓ માટે ૧૪મી નવેમ્બરથી યોગ શિબિરનું આયોજન

વ્યારા: ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાન ચલાવાશે. દર્દીઓ ડાયાબિટીસ મુક્ત બને અને શારીરિક, માનસિક રીતે સ્વસ્થ અને ખુશ રહે, તે માટે યોગ બોર્ડ ૧૫ દિવસીય કેમ્પ લાવી રહ્યું છે. જેના ભાગરૂપે ૧૪ નવેમ્બર થી ૨૮ નવેમ્બર સુધી વ્યારાના સિનિયર સિટીઝન ક્લબના હોલમાં સવારે ૬ થી ૮ યોગ શિબિરનું આયોજન કરાયું છે. જેમાં માત્ર ડાયાબિટીસ ગ્રસ્ત લોકો જોડાઇ શકશે. શિબિરમાં યોગ, પ્રાણાયામ, ધ્યાન, એક્યુપ્રેશર, નેચરોપેથી, આહાર અને દિનચર્યામાં બદલાવ લાવી ડાયાબિટીસના દર્દીઓને ડાયાબિટીસ મુક્ત કરવાનો પ્રયત્ન કરાશે, જે નિઃશુલ્ક છે.

### તાપી જિલ્લામાં સ્વાગત કાર્યક્રમ અને ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

વ્યારા: તાપી જિલ્લામાં નવેમ્બર -૨૦૨૪નો તાલુકા સ્વાગત કાર્યક્રમ આગામી ૨૭મી નવેમ્બરે તથા જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૮મી નવેમ્બરે યોજાશે. જેમાં ૨૭મી નવેમ્બરે જે તે મામલતદાર કચેરીએ નિઝરમાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને સવારે ૧૧ વાગે, વાલોડમાં જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને, ડોલવણમાં પોલીસ અધિક્ષકના અધ્યક્ષસ્થાને, ઉચ્છલમાં જિલ્લા પ્રાયોજના વહીવટદારના અધ્યક્ષસ્થાને, સોનગઢમાં ડાયરેક્ટર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધ્યક્ષસ્થાને, વ્યારામાં પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને, કુકરમુંડામા પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. જયારે નવેમ્બર -૨૦૨૪ જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ કલેક્ટર કચેરી તાપી ખાતે યોજાશે.

### વટારીયાની ગણેશ સુગર ફેક્ટરી દ્વારા લાભ પાંચમથી પીલાણ સિઝનની શરૂઆત



ભરૂચ: વટારીયાની ગણેશ સુગર ફેક્ટરી દ્વારા 5 લાખ મે.ટન થી વધુ શેરડી પિલાણ લક્ષ્યાંક સાથે પિલાણ સિઝન 2024-25 માટે બુધવારે લાભ પાંચમ દિવસે શુભ શરૂઆત કરી હતી. આ પ્રસંગે સુગરના ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા, વાઇસ ચેરમેન પુષ્પેન્દ્રસિંહ સુણવા, ડિરેક્ટર કિરણભાઈ પટેલ, હરેન્દ્રસિંહ ખેર, જીતેન્દ્રસિંહ જાદવ, મેહુલકુમાર પટેલ, ઇ.મેનેજીંગ ડિરેક્ટર અમરસિંહ રણા, માજી ડિરેક્ટર ધર્મેન્દ્રસિંહ મહીડા, પ્રતાપસિંહ માટીએડા, હેતલભાઈ પટેલ, સુરેન્દ્રસિંહ પરમાર, જમિયતભાઈ પટેલ, ઈશ્વરસિંહ ખેર તેમજ મોટી સંખ્યામાં ખેડૂત સભાસદો, આગેવાનો, અધિકારી-કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા દ્વારા શાસ્ત્રોક્ત પૂજાવિધિ સંપન્ન કરવામાં આવી અને ઉપસ્થિત સૌ કોઈએ શ્રીફળ વધેરી શેરડી પિલાણનો પ્રારંભ કર્યો હતો.

### નેત્રંગના કાંટીપાડા ગામે રામ કથાના પ્રારંભ સાથે તુલસી વિવાહની તૈયારી હાથ ધરાઈ


પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ-રાજપીપળા રોડ પર આવેલા કાંટીપાડા ગામે શ્રી સંત પુનિત માનવ કલ્યાણ ટ્રસ્ટ તેમજ કાંટીપાડા ગ્રામજનો થકી શ્રી પુનિત રામાયણ કથાનું ભવ્ય આયોજન કરવામા આવ્યું છે. તા. ૫ના રોજથી કથાનો પ્રારંભ થયો છે. કથા વિરામ તા. ૧૩મીના રોજ થશે. કથાનું રસપાન પ.પૂ દીનભકતના પુત્ર શ્રી સુખદેવ મહારાજ કરાવશે. કથા સવારના ૧૦ કલાક થી લઇને બપોર ૧ સુધી ચાલશે. સાથે સાથે ૫૧મા તુલસી વિવાહનું આયોજન પણ કરવામા આવ્યું છે. તુલસી વિવાહ નિમિતે ગ્રહશાંતિ તા.૧૨મીને કારતક સુદ ૧૧ ના રોજ સાંજે ૪ કલાકે, લાલજી ભગવાનની શોભાયાત્રા સાંજે ૬ કલાકે, તુલસી વિવાહ રાત્રિના ૧૨ કલાકે યોજાશે.

**એક્સાલ, શંખવાડ સહિતના ગામોમાં ઉચાટની સ્થિતિ, પોલીસે લોખંડી બંદોબસ્ત ગોઠવ્યો**

# ગાભણી ગાયની કતલ મામલે તંગદિલી

**ભરૂચના** શંખવાડમાં ગાય ચોરી, તેની કતલ કરવા મુદ્દે હિન્દુ સંગઠનોની વિશાળ રેલી બાદ પોલીસે છની ધરપકડ કરી હતી

**કેટલાક** પરિવારો તેમના મકાનો બંધ કરીને અન્ય જગ્યાએ ચાલ્યા ગયા



ભરૂચ: દિવાળીના દિવસે એક્સાલ ગામના પશુપાલકની ઈજાગ્રસ્ત ગાયને શંખવાડ ગામના 6 મુસ્લિમ યુવાનો ઉઠાવી જઈને કથિતપણે કતલ કરતા તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. હિંદુ સંગઠનો અને યુવાનોએ વિશાળ રેલી કાઢીને પ્રબળ વિરોધ કરતા પોલીસ વિભાગ હરકતમાં આવ્યો હતો. પોલીસે એ દિવસે 6 આરોપીની ધરપકડ કરી લીધી હતી. જો કે ગાયને કતલ કર્યા બાદ શંખવાડ ગામમાં તંગદીલીનો માહોલ ઉભો થયો છે. મુસ્લિમ પરિવારો તેમના મકાનો બંધ કરીને અન્ય જગ્યાએ ચાલ્યા ગયા હોવાનું જાણવા મળ્યું છે.

એક્સાલ ગામે આહિર ફળિયાનાં પશુપાલક કમલેશ આહિર પોતાની ગાયને લઈને ગત 31મી ઓક્ટોબરે સાંજે છ વાગ્યે નહેર ક્રોસ કરી રહ્યા હતા. એ વેળા ગાયને પગમાં ઈજા થતાં તેનાથી ચલાતું ન હતું, તેમજ તે ગાભણી હોવાથી ગાયને એક્સાલ ગામની સીમમાં ગુંદાના ઝાડ નીચે દોરડા વડે બાંધી ઘરે ગયાં હતાં. ત્યારબાદ રાત્રે દશેક વાગ્યે તેમની ગાય બાંધી હતી ત્યાં જઈ જોતાં ગાય મળી આવી ન હતી. જેથી તેમણે તેમજ તેમના પિતા સહિત પરિવારના સભ્યો સાથે ગાયની શોધખોળ આદરી હતી. જેમાં માહિતી મળી કે શંખવાડ ગામના અજાણ્યા છ એક શખ્સ તેમની ગાય ચોરી કરી ગયાં છે. તેમજ શંખવાડ ગામની સીમમાં પાણીની નહેર પાસે બાવળની ઝાડીમાં ગાયને લઈ જઈ કતલ કરી તેનું માંસ અંદરોઅંદર વહેંચી લીધું છે. જેથી તેમણે સ્થળ પર જઈ જોતાં તેમના ગાયના અવશેષો ત્યાં પડેલાં મળી આવતાં તેમણે તુરંત ભરૂચ તાલુકા પોલીસને જાણ કરી હતી.

સમગ્ર ઘટનાની જાણ વાયુવેગે પ્રસરતા હિંદુ સંગઠનો અને યુવાનો મોટી સંખ્યામાં ભેગા થઈ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. તેઓએ ભેગા થઈને વિશાળ રેલી કાઢીને આરોપીઓની ધરપકડની માંગ સાથે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. જો કે પોલીસે સફાળી જાગીને છ આરોપીને ઝડપી પાડ્યા હતા.

ગૌહત્યાને લઈને બે કોમ વચ્ચે તંગદિલી સર્જાવાની સંભાવના હતી. આ ઘટનાને લઈને કેટલાક પરિવારો ઘરમાં તાળું મારીને અન્ય જગ્યાએ જતા રહ્યા હતા. જો કે પોલીસ વિભાગે સતર્કતા દાખવીને ગામના અગ્રણીઓ સાથે ચર્ચા કરીને ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દીધો હતો.



## બારડોલી નવસારી રોડ પર મૂકેલા યમલોકના પાઈપ!

**પાણી** પુરવઠા વિભાગના પાઈપોના કારણે અકસ્માતમાં ત્રણ યુવકોના મોત થયા હતા

બારડોલી: બારડોલી નવસારી રાજ્ય ધોરી માર્ગ પર દિવાળીના તહેવારોમાં પાણી પુરવઠા વિભાગના મસમોટા પાઇપ સાથે અથડાઇને ત્રણ યુવકોના મોત છતાં તંત્ર દ્વારા આ પાઇપો ખસેડવાની તસ્દી લેવામાં આવી નથી. હજી પણ આ પાઇપો રસ્તા પર થોડા થોડા અંતરે જાણે યમરાજ બનીને બેઠા છે. આ જોખમી પાઇપો વહેલી તકે ખસેડવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા બારડોલી નવસારી માર્ગ પરથી સુરત બલ્ક યોજના અંતર્ગત પાઇપલાઇન બિછાવવામાં આવી છે. જો કે કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં હજી પણ અનેક ઠેકાણે મસમોટા લોખંડના પાઇપ રોડની સાઇડે પડેલા છે. દિવાળીના તહેવારોમાં જ ખરીદી માટે ગયેલા બે સગા ભાઈ અને મામાના પુત્રનું આ જ પાઇપમાં અથડાવવાથી મોત થયું હતું. બારડોલી નવસારી રોડ પર અનેક વળાંકો આવતા હોય અને વળાંકમાં જ આ પાઇપ જાણે મોં ફાડીને ઉભેલા હોય વાહન ચાલકો માટે યમદૂત સાબિત થઈ રહ્યા છે. ત્યારે માર્ગ મકાન વિભાગ અને પાણી પુરવઠા વિભાગ સંકલન સાધી નડતરરૂપ પાઇપ વહેલી તકે ખસેડે તેવી માંગ ઉઠવા પામી છે.

### દસ્તાન નજીક અજાણ્યા વાહનની અડફેટે બાઇક ચાલકનું મોત

પલસાણા: પલસાણાના દસ્તાન ગામની સીમમાં પાવરગ્રીડ નજીકના રોડ પર અજાણ્યા વાહનની અડફેટે મોટરસાયકલ ચાલકનું મોત નીપજ્યું હતું.

પલસાણા તાલુકાના જોળવા ગામે આરાધના લેકટાઉન વિભાગ 2માં રહેતા દામોદર મહાતીમ યાદવ (ઉ.વ.37) કારેલી સ્થિત કેજરીવાલ મિલમાં પેકિંગ વિભાગમાં કામ કરતો હતો. ગત 4/11/2024ના રોજ રાત્રિના આઠ વાગ્યાની આસપાસ દામોદર પોતાની મોટરસાયકલ પર નોકરી પર જવા નીકળ્યો હતો, તે સમયે દસ્તાન ગામની સીમમાં પાવર ગ્રીડ નજીક અજાણ્યા વાહન ચાલકે તેની મોટરસાયકલને ટક્કર મારી હતી. અકસ્માતમાં દામોદરને માથામાં તેમજ બંને પગમાં ગંભીર ઇજા થઈ હતી. તેને તાત્કાલિક સુરતની સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયું હતું. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## બગુમરામાંથી પોલીસે 12.24 લાખનો દારૂ ઝડપી પાડ્યો, ત્રણ વોન્ટેડ

**પોલીસને** જોઈ ત્રણેય ભાગી છૂટ્યા, દારૂ-ટેમ્પો સહિત 22.24 લાખની મત્તા કબજે

પલસાણા: પલસાણાના બગુમરા ગામે સાઈ વાટિકા સોસાયટીમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારી કાર્ટિંગ કરે તે પહેલા જ સુરત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરોડા પાડી 12.24 લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પડ્યો હતો. આ ગુનામાં પોલીસે ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

મળતી માહિતી અનુસાર સુરત જિલ્લા એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, બગુમરા ખાતે રહેતો મનીષ મારવાડી તેના મળતીયાઓ સાથે એક આઈશર ટેમ્પો નં. જીજે 15 એએક્સ 1281માં વિદેશી દારૂનો જથ્થો મગાવી બગુમરા ગામે સાઈ વાટિકા સોસાયટીમાં પોતાના ઘરની સામે આવેલા ખુલ્લા પ્લોટમાં દારૂની કાર્ટિંગ કરી રહેલો છે.

પોલીસે દરોડા પાડતાં જ સ્થળ પરથી કાર્ટિંગ કરી રહેલા શખ્સો નાસી છૂટ્યા હતા. પોલીસને 8760 બોટલ વિદેશી દારૂ કિંમત રૂ.12,24,936 મળી આવ્યો હતો. પોલીસે દારૂ ઉપરાંત આઈશર ટેમ્પો કિંમત રૂ.10 લાખ મળી કુલ 22,24,936 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે દારૂ મગાવનાર સત્યનારાયણ ઉર્ફે મનીષ મારવાડી રામેશ્વરલાલ વ્યાસ (રહે., બગુમરા, સાઈવાટિકા સોસાયટી, તા. પલસાણા, જિ.સુરત. મૂળ રહે., ભિલવાડા, રાજસ્થાન) સહિત ત્રણને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### કંજાલ ગામે બીમારીથી કંટાળી યુવકનો આપઘાત

ભરૂચ, ડેડીયાપાડા: ડેડીયાપાડા તાલુકાના કંજાલ ગામનાં 27 વર્ષીય હરીલાલભાઈ સોમાભાઈ વસાવા ઘણા સમયથી બીમાર રહેતા હતા અને બીમારીથી કંટાળી જતા પોતાની જાતે ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ અંગે ડેડીયાપાડા પોલીસે જાણવા જોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## સોનગઢનાં મોટા બંધારપાડામાં ATM ચોરીનો નિષ્ફળ પ્રયાસ

**તાપી** જિલ્લામાં ATM ને તસ્કરો ફરી એકવાર નિશાન બનાવતા પોલીસ પેટ્રોલિંગ સામે સવાલો ઉઠ્યા

**પખવાડિયા** પહેલા જ વ્યારામાં SBI બેંકના બે ATM તોડી તસ્કરો લાખો રૂપિયા ચોરી કરી ગયા હતા



વ્યારા: તાપી જિલ્લાનાં મુખ્ય મથક વ્યારામાં ATM તોડી આશરે ૪૪ લાખની તસ્કરી કરનાર આરોપીઓ પૈકીનાં બેની અટક કરી હોવાનાં દાવાઓ વચ્ચે સોનગઢનાં ગ્રામિણ વિસ્તાર એવા બંધારપાડામાં તસ્કરોએ ફરી એકવાર ATM તોડી ચોરીનો પ્રયાસ કરતા પંથકમાં તર્કવિતર્કો સાથે સ્થાનિકોની ઉંઘ હરામ થઈ છે. આશ્ચર્યની વાત એ છે કે લાખો રૂપિયા જ્યાં મુકાય છે તે ATM માં હજુ સુધી તેની સુરક્ષા માટેની કોઈ સિક્યુરીટી ગાર્ડ મુકવાની તશ્દી લેવાઈ નથી. ભાડાની દુકાન- હોટલો રાખનારાઓને કાયદાકીય ભીંસમાં લેનારી એસઓજી સહિતની સ્થાનિક પોલીસ ATM ને લાવારીસ મૂકી દેનારા બેંકનાં અધિકારીઓ સામે આ બાબતે પગલાં ભરવા નમાલી પુરવાર થતાં પંથકમાં આશ્ચર્યની લાગણી પ્રવર્તી છે.

સોનગઢના મોટા બંધારપાડા ગામે આવેલા સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકનાં એટીએમને તોડવાનો નિષ્ફળ પ્રયત્ન કરવામાં આવ્યો છે. ત્યારે સ્થાનિક પોલીસની ભૂમિકા સામે સવાલો ઊભા થાય છે. તાપી જિલ્લામાં કાયદો વ્યવસ્થા કથડી રહી હોય તેવા અદ્દભુત દ્રશ્યો સામે આવી રહ્યા છે. જિલ્લામાં માત્ર દિવસમાં બીજી વાર ATM ને તસ્કરો દ્વારા નિશાન બનાવવાની ઘટના પ્રકાશમાં આવી છે. ગત રાત્રે બનેલી આ ઘટનામાં ATM તોડવાનામાં તસ્કરો નિષ્ફળ જતાં બેંકનાં વહીવટકર્તાઓએ હાશકારો અનુભવ્યો છે. મહત્વની વાત તો એ છે કે ATM તોડવાના પ્રયાસો કરાયા ત્યાંથી બંધારપાડાની પોલીસ ચોકી પણ નજીક આવેલી છે. આ લખાય છે ત્યારે આશરે ૧૨થી ૧૫ કલાક થવા આવ્યા છતાં હજુ સુધી આ અંગેની કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. જેથી અહીં બેંક કર્મચારી કે પોલીસ આ મામલે કેટલી ગંભીર છે તેનો અંદાજો અહીં લગાવી શકાય છે.

કાયદો વ્યવસ્થા જાળવવા અહીં બીટ જમાદાર સાથે હોમગાર્ડનાં જવાનોની નિમણૂક પણ કરવામાં આવી છે. ત્યારે માત્ર ચોકી ઊભી કરી તસ્કરોમાં ભય ઉભો કરવાની નિતી અહીં હાસ્યાસ્પદ પુરવાર થઈ છે. રાત્રિએ જો પોલીસ કર્મચારીઓ ફરજ બજાવતા હોત તો કદાચ તસ્કરોની ATM તોડવાની હિંમ્મત તો ન જ થાત. અત્રે એ પણ નોંધવું રહ્યું કે ગત ૨૪મીએ વ્યારાના SBI બેંકના બે ATM ને તોડી ચોરો લાખોની રોકડ રકમ ચોરી કરી ગયા હતા. આ ઘટનામાં ચોરીનો ભેદ ઉકેલવામાં તાપી પોલીસને સફળતા મળી હોવાનાં દાવાઓ પણ કરાયા છે, ત્યારે આ ATM તોડવાનો નિષ્ફળ પ્રયત્ન કરનાર આ નવા ચોરોની ટોળકી તે જૂના ATM ને અંજામ આપનારી જ છે કે કેમ? મોટો સવાલ ઉભો થયો છે.

## માંડવી-અંધાત્રીમાં જૂની અદાવતમાં બાઈક સળગાવી દેવાના પ્રકરણમાં બેની ધરપકડ

**અગાઉ** એક્સિડન્ટ થતાં બાઈક રિપેરિંગ કરી ન આપતા અદાવતમાં બાઇક સળગાવી હતી



માંડવી: માંડવી-અંધાત્રીમાં મોડી રાત્રે બાઈક ઘર પાસેથી ઉઠાવી સળગાવી દેવાની ઘટનામાં પોલીસ ફરિયાદ નોંધાવતાં સીસીટીવી કેમેરામાં કેદ થયેલા બે આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. માંડવી અંધાત્રીના નિશાળ ફળિયામાં રહેતા અને ખેતી કામ કરતાં કનુભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી (ઉં.વર્ષ-45) તેમનું હીરો કંપનીનું સુપર સ્પ્લેન્ડર નં- GJ-19-AS- 07334 બાઈક તા. 3 નવેમ્બરના રોજ ઘરના આગણમાં મુકી હતી. જે સવારે ઉઠીને જોતા મોટરસાયકલ ગાયબ હતી. જેની શોધખોળ કરતા નિશાળના કોતર વિસ્તારમાંથી સળગેલી હાલતમાં મળી આવી હતી. આ બાબતે માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે દૂધ ડેરી પર લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતા મોડી રાત્રિના સમયે ગામના બે શખ્સો રજનીશ ઉર્ફે લાલુ સતીશ ચૌધરી (રહે., નિશાળ ફળિયું) અને યતીન વિનોદ ચૌધરી (રહે., રાણી ફળિયું) આ બંને મોટરસાયકલના ધક્કો મારી લઈ જતા જોવા મળ્યા હતા. જુલાઈ માસ દરમિયાન તેમનો દિકરો યશ રજનીશ ચૌધરી પ્લસર બાઈક લઈને જતો હતો. તે દરમિયાન એક્સિડન્ટ થતાં પલ્સર બાઈકને વધુ નુકશાન થવાથી રિપેરિંગ કરાવી આપવા કહ્યું હતું. પરંતુ પલ્સર ગાડીનો ખર્ચ વધુ હોવાથી પૈસાની સગવડ ન થતાં બાઈક રિપેર કરી આપી ન હતી. જેની અદાવત રાખી કનુભાઈ ચૌધરીની બાઈક સળગાવી રૂ.25 હજારનું નુકસાન કર્યું હતું.

### સિયાદલા નજીક બાઈક ઝાડ સાથે ભટકાતા યુવકનું મોત

કીમ: ઓલપાડના મૂળદ ગામે તળાવ ફળિયામાં રહેતા ગૌતમભાઈ ભરતભાઈ વસાવા (ઉં.વ.20) તા. 3/11/2024ના રોજ મોટરસાયકલ R1-5 (GJ-05-LW-6961) લઈ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી જઈ રહ્યા હતા. ત્યારે કીમ-સાયણ રોડ પર સિયાદલા ગામની હદમાં આવેલા રાજ મંદિર રેસિડેન્સી પાસે મોટરસાયકલ અચાનક સ્લીપ થઈ જતાં ઝાડ સાથે અથડાય રોડની સાઈડમાં આવેલા ગટરમાં ખાબકી હતી. આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલકને માથાના તથા ચહેરાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતમાં મોટરસાયકલ ચાલક ગૌતમભાઈ વસાવાનું કરુણ મોત થતાં પરિવારમાં તહેવારોના દિવસો શોકમાં ફેરવાઈ ગયા હતા.

## શાકભાજી ખરીદવા ગયેલા પીપોદરાના યુવાનની બાઈક ચોરાઈ

ઓનલાઈન ફરિયાદના આઠ દિવસ બાદ પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ

હથોડા: પીપોદરાના કામધેનુ રેસીડેન્સી ખાતે રહેતા અને પીપોદરાથી કીમ સુધી ભાડેથી રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા રાજુભાઈ યશવંતભાઈ રોકડે પોતાની જીજે 05 hc 60 19 નંબરની મોટરસાયકલ લઈને પીપોદરા ગામની બહાર આવેલા ઓવરબ્રિજ નીચે મોટરસાયકલ પાર્ક કરીને શાકભાજી ખરીદવા ગયો હતો અને થોડા જ સમય બાદ શાકભાજીની ખરીદી કરીને આવ્યા બાદ મોટરસાયકલ પાર્ક કરી હતી ત્યાંથી કોઈ ચોર મોટરસાયકલ ચોરી ગયો હતો, જે બાબતે રાજુભાઈ યશવંતભાઈ રોકડે એ સૌપ્રથમ ઓનલાઈન ઇ. એફ.આઈ.આર. કરી હતી. જેનો ઓનલાઈન ઈ એફ.આઈ. આર. નંબર રાજુભાઈ યશવંતને મળ્યાં બાદ આખરે પાલોદ પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. પાલોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.







